**મે.અમદાવાદ ખાતેનાં મજુર અદાલત ના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી (સીની.સીવીલ જજ સાહેબ)ની કોર્ટમાં, મુ.અમદાવાદ**

**ફોજદારી કેસ નં.૭૦૯/૨૦૨૩**
**આંક–૭**

**ફરીયાદી ::–** **સરકાર વતી:– (૧) ડો.એસ.બી.મકવાણા,**
**(૨) શ્રી એસ.એસ.પટેલ,**
સરકારી શ્રમ અધિકારી અને લઘુતમ વેતન ઈન્સ્પેકટર,
નાયબ શ્રમ આયુકતની કચેરી, બીજો માળ,
શ્રમ ભવન, ખાનપુર, અમદાવાદ

**– : : વિરુધ્ધ : : –**

**આરોપી ::–** **શ્રી રામચંદ્ર એસ.નિશાદ–માલીકશ્રી,**
**કોમલ વર્લ્ડવાઈડ પ્રા.લી.,**
સર્વે નં.૧૬૫, પ્લોટ નં.૨ અને ૫, રેડ ફલેગ બિઝનેશ પાર્ક, સ્કેવર ૧૬,
મોતીપુરા ચાર રસ્તા નજીક, શાહવાડી, નારોલ, અમદાવાદ

**ગુનો :–** લઘુતમ વેતન અધિનિયમ ૧૯૬૧ ના નિયમ–૨૬(ડી), ૨૧(૪) ના ભંગ બદલ કલમ–૨૨(એ) મુજબ શિક્ષા પાત્ર ગુનો કરવા બાબત..

**–:: ઠ રા વ ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરીયાદી કલમ–૧૯(૧) અન્વયે ઈન્સ્પેકટર તરીકે નિમાયેલા છે. આ કામના ફરીયાદીએ આરોપી સંસ્થાની મુલાકાત લેતા, તા.૧૦/૧૧/૨૦૨૨ નાં રોજ લઘુતમ વેતન અધિનિયમ ૧૯૬૧ ના નિયમ–૨૬ (ડી), ૨૧(૪) ના ભંગ બદલ કલમ–૨૨(એ) મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ હોવાની લેખિત ફરીયાદ શ્રી સરકારી અધિકારીએ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૨) ઉપરોકત સંદર્ભની ફરિયાદ જે તે વખતે સબંધિત અત્રેની કોર્ટ સમક્ષ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦(૧)(એ) મુજબ ફરિયાદીએ રજૂ કરતા સબંધિત કોર્ટ દ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) વંચાણે લઈને ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈ ને આરોપીને સમન્સ ઈશ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૩) અત્રેની અદાલત દ્વારા આ કામના આરોપી સંસ્થા તથા તેના જવાબદાર વ્યકિતને સમન્સ કરતા, આરોપી સંસ્થા વતી તેમના ઓથૉરાઈઝડ પર્સનશ્રી **યાદવ સંતોષ લાલતાપ્રસાદ** જાતે અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે અને તેઓનો ઓથોરીટી લેટર રજુ કરેલ છે, ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ, ત્યારબાદ તેઓ ની પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરેલ છે અને કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામા ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૪) આ કામે તહોમતદારના ઓથોરાઈઝડ પર્સન શ્રી **યાદવ સંતોષ લાલતાપ્રસાદે** ગુન્હાની કબુલાત પુરશીસ રજુ કરતા આરોપીને સમજાવવામા આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગમા લેવાશે આમ છતા તેઓ તમો તોહમતદાર વતી હાલનો ગુનો કબુલ કરતા હોવા નું જણાવે છે, ત્યારબાદ તહોમતદાર વતી તેમના ઓથોરાઈઝડ પર્સન શ્રી **યાદવ સંતોષ લાલતાપ્રસાદ** ની પ્લી રેકર્ડ કરવામા આવતા તેમા પણ તેઓ આ કામે તહોમતદાર કંપની ના ઓથોરાઈઝડ પર્સન તરીકે હાલનો ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે. આમ આ કામે તહોમતદાર કંપની તેમના ઓથોરાઈઝડ પર્સન વતી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતા હોવાનુ જણાય છે.

(૫) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત ધ્યાનમાં લેતાં તમેજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરેલ રજુઆત મુજબ તેમના ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને આરોપીને પોતાના ગુન્હા બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય આરોપી ને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામા આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોટર્નુ માનવુ છે. સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટટે ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.–૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતાં, હાલના આરોપી વિરુધ્ધ ગુનો સાબીત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

૧) આ કામે આરોપી/સંસ્થાને ક્રિ.પ્રો.કો.ક.૨૫૨ અન્વયે લઘુતમ વેતન અધિનિયમ ૧૯૬૧ ના નિયમ–૨૬(ડી), ૨૧(૪) ના ભંગ બદલ કલમ–૨૨(એ) હેઠળ તકસીરવાન ઠરાવીને આરોપીને રૂા.૨,૦૦૦/– × ૨ નિયમ × ૧ આરોપી એટલેકે, **રૂા.૪૦૦૦/– (અંકે રૂપિયા ચાર હજાર પુરા)** નો દંડ, અને જો દંડ ન ભરે તો દિન–૩૦ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

૨) આરોપી દંડની રકમ ભરવામાં કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

હુકમ આજરોજની નેશનલ લોકઅદાલત દરમ્યાન યોજવામાં આવેલ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૯/૦૯/૨૦૨૩
સ્થળ : અમદાવાદ.

**(વિજયસિંહ ભાવસિંહ ચૌહાણ)**
**એડિશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**લેબર કોર્ટ, અમદાવાદ**
**CODE : GJ01045**